સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની ૨૮ અને અગરિયાની ૦૫ મળી કુલ ૩૩ આદર્શ નિવાસી વિદ્યાર્થીઓને આપવામાં આવતી સવલતો પૈકી ગણવેશના ખર્ચમાં વધારો કરવા રૂ.૦.૩૦ કરોડની સને ૨૦૨૫-૨૬ નવી બાબતની વહીવટી મંજુરી બાબત.

**ગુજરાત સરકાર**

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંક: SJED/NWR/e-file/17/2024/2171/A-1

સચિવાલય, ગાંધીનગર.

**વંચાણે લીધા:**

(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ નો તા.૨૦/૦૩/૨૦૨૫નો પત્ર.

**પ્રસ્તાવના:**

સામાજિક ન્યાય અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના તેજસ્વી વિદ્યાર્થીઓ માટે ૧૯૮૬-૮૭થી આદર્શ નિવાસી શાળાની યોજનાનો અમલ કરવામાં આવ્યો હતો. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓના વાલીઓ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત તેમજ આર્થિક રીતે પણ નબળા હોવાથી તેમના બાળકો ધોરણ-૮ પછીનો અભ્યાસ ચાલુ રાખી શકતા નથી. જેના કારણે આ જાતિના વિદ્યાર્થીઓના કારકિર્દી ઉપર અવરોધ ન થાય અને આ જાતિના બાળકોમાં શિક્ષણનો વ્યાપ વધે તેમજ સારૂ શિક્ષણ મેળવીને પોતાની શૈક્ષણિક કારકિર્દીનું ઘડતર કરી શકે તે હેતુથી હાલમાં રાજ્યમાં ધો.૯ થી ૧૨ સુધીના અભ્યાસક્રમવાળી કુલ-૩૩ આદર્શ નિવાસી શાળાઓમાં વિદ્યાર્થીઓને વિનામુલ્યે રહેવા, જમવા તથા ભણવા વગેરેની સુવિધા આપવામાં આવે છે. તદ્ઉપરાંત વર્ષે બુટ-મોજા, પાઠ્યપુસ્તકો, સ્ટેશનરી અને સાબુ-તેલ વગેરેની સવલતો પણ વિના મુલ્યે આપવામાં આવે છે. જે પૈકી નિયામકશ્રી (વિકસતી જાતિ કલ્યાણ) દ્વારા વંચાણે લીધેલ ક્રમ: (૧) પરના તા.૨૦/૦૩/૨૦૨૫ના પત્રથી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની ૨૮ અને અગરિયાની ૦૫ મળી કુલ ૩૩ આદર્શ નિવાસી વિદ્યાર્થીઓને આપવામાં આવતી સવલતો પૈકી ગણવેશના ખર્ચમાં રૂ.૯૦૦/-ની મર્યાદામાં રૂ.૬૦૦/-નો વધારો કરી રૂ.૧૫૦૦/- કરવા રૂ.૦.૩૦ કરોડની નવી બાબતની વહીવટી મંજુરી આપવા દરખાસ્ત કરવામાં આવેલ છે. જે બાબત સરકારશ્રીના વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

પુખ્ત વિચારણાના અંતે, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની ૨૮ અને અગરિયાની ૦૫ મળી કુલ ૩૩ આદર્શ નિવાસી વિદ્યાર્થીઓને આપવામાં આવતી સવલતો પૈકી હાલ ગણવેશના ખર્ચ પેટે આપવામાં આવતી રકમ રૂ.૯૦૦/- માં રૂ.૬૦૦/-નો વધારો કરી પ્રતિ વિદ્યાર્થી રૂ.૧૫૦૦/- કરીને, ૫૦૦૦ વિદ્યાર્થી માટે ચાલુ વર્ષની જોગવાઇ ઉપરાંત (વિદ્યાર્થીદીઠ : ૫૦૦૦ X રૂ.૬૦૦ = ૩૦,૦૦,૦૦૦/-) રૂ.૩૦ લાખની જોગવાઇનો ખર્ચ કરવાની વર્ષ ૨૦૨૫-૨૬ના અંદાજપત્રની નવી બાબતને આથી નીચેની શરતોને આધીન વહીવટી મંજુરી આપવામાં આવે છે.

**શરતો:-**

(૧) આ યોજનાનો ખર્ચ તા.૦૧/૦૪/૨૦૨૫થી કરવાનો રહેશે.

(૨) સદરહું યોજનાની મંજુરી સમયે રજુ કરવામાં આવેલ પરિશિષ્ટમાં દર્શાવેલ સંપૂર્ણ વિગતોનુ ચુસ્તપણે પાલન કરવાની જવાબદારી વહીવટી વિભાગની રહેશે.

(૩) આ યોજના હેઠળ નિયત થયેલ લાભાર્થીઓની મર્યાદામાં તેમજ અંદાજપત્રિય જોગવાઈની મર્યાદામાં સહાય ચુકવવાની રહેશે. કોઈપણ સંજોગોમાં આ યોજના હેઠળ નિયત નાણાકિય મર્યાદા અને લાભાર્થીની સંખ્યા વધે નહિ તે મુજબનું આયોજન તકેદારી વિભાગે રાખવાની રહેશે.

(૪) ઓનલાઇન અરજીનું કરવાનું અને મંજુરી આપવાનું પ્રાવધાન રાખવાનું રહેશે.

(૫) વિભાગે નાણાકિય સહાય માટે નિયત કરેલ સમયાંતરે DBT પધ્ધતિથી/DBT Portal/C.M. Dash Board અપનાવવાનું રહેશે.

(૬) સાધન અથવા કીટ આપવાના કિસ્સામાં ખરીદી ગવર્નમેન્ટ ઈ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા તેમજ ખરીદ પદ્ધતિ મુજબની ખરીદી માટેની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે તથા તે મુજબ ખરીદી કરવાની રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM પોર્ટલ પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ના ઠરાવ મુજબ ઉદ્યોગ અને ખાણ વિભાગ પાસેથી ના-વાંધા પ્રમાણપત્ર (No Objection Certificate) મેળવ્યા પછી જ ખરીદી કરવાની રહેશે. ત્યારબાદ વખતોવખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. સાધન/કીટની ગુણવત્તા સુનિશ્ચિત કરવાની રહેશે.

(૭) યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.

(૮) Social Audit અને Third Party Verification પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજૂ કરવાનું રહેશે.

(૯) પ્રવર્તમાન યોજનાઓના નોર્મ્સ અને સહાયની રકમોમાં જે ફેરફાર કરવાનો થતો હોય તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૧૦) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ સને ૨૦૨૫-૨૬ના નાણાકીય વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૧૧) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૧૨) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૧૩)આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૧૪) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૧૫) અંદાજ સમિતિની ભલામણ અનુસાર રાજ્ય વિધાનમંડળ દ્વારા કોઇ નવી સેવા અથવા સેવાના નવા સાધન માટે અંદાજપત્રમાં માંગણી મંજુર કરવામાં આવી હોઇ અને એ બાબતે બે વર્ષ સુધી કોઇ ખર્ચ કરવામાં આવ્યુ ન હોઇ, તો પછી વિધાનમંડળની મંજુરી રદ્દ થઇ ગયેલ સમજવી. ત્યારબાદ જો તે બાબત પર ખર્ચ કરવાનું આવશ્યક બને તો નવેસરથી વિધાનમંડળની મંજુરી મેળવવાની રહેશે.

(૧૬) યોજના હેઠળ અગાઉ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૭) આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઈઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૮) આઈ.ટી. સબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વખતો-વખતની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૯) સદર વહીવટી મંજૂરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજૂરી આપોઆપ રદ ગણાશે.

(૨૦) C.M. Dashboard સાથે યોજના Link કરવાની રહેશે.

(૨૧) યોજનાકીય મેનપાવરની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.

**<u>પ્રસ્તુત નવી બાબતના ખર્ચ અંગેનું બજેટ સદર નીચે મુજબ છે :-</u>**

| | |
|---|---|
| માંગણી નં.: | ૯૨ |
| મુખ્ય સદર: | ૨૨૨૫ અનુ. જાતિઓ, અનુ. જનજાતિઓ, અન્ય પછાત વર્ગ અને લઘુમતિઓનું કલ્યાણ |
| પેટા મુખ્ય સદર: | ૦૩ પછાત વર્ગોનું કલ્યાણ |
| ગૌણ સદર: | ૨૭૭- શિક્ષણ |
| પેટા સદર: | ૧૫ – (ઓબીસી-૬-સરકારી છાત્રાલયો અને નિવાસી શાળાઓમાં રહેણાંક સવલતો) |

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૨૮/૦૩/૨૦૨૫ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

eSign
Signed by: KALPANABEN VIPULKUMAR RANA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 04-Apr-2025 (12:40 PM)

(કલ્પના રાણા)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ગુજરાત સરકાર

<u>નકલ રવાના:</u>

- માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(ના.વિ.)ના અંગત મદદનીશશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(સા.ન્યા.)ના અંગત મદદનીશશ્રી, સા.ન્યા અને અ.વિ., સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(ખર્ચ)ના અંગત મદદનીશશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી(સા.ન્યા.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટ ઉપર મૂકવાની વિનંતીસહ.
- સિલેક્ટ ફાઇલ - ૨૦૨૫.

eSign
Signed by: KALPANABEN VIPULKUMAR RANA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 04-Apr-2025 (12:40 PM)